## વડોદરાના ૧૧માં એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

GJVD021400682026

**ફોજદારી પરચૂરણ અરજી નં.૬૭૩૫/૨૦૨૬**

**અરજદાર : ક્રિષ્ણા સન/ઓફ પપ્પુભાઈ બાબતભાઈ, ઉ.વ.૨૭**
રહે. પાર્વતીનગર, ભાથુજીનગરની પાસે, આજવા રોડ, વડોદરા.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા : શ્રી સરકાર**

અરજદાર તરફે : વિ.વકીલશ્રી **ડી.જે.પચાર**
સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી **આર. આઈ. શેખ**

**બાબત :- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૦ મુજબ જામીન અરજ અન્વયે.**

## -:: ચુ કા દો ::-

(૧) સાંભળ્યા, અરજદાર/આરોપીની હાલની અરજી, મારી સમક્ષ રજુ થયેલ એફ.આઈ.આર. પોલીસ પેપર્સ ધ્યાને લીધા. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ, બાપોદ પો.સ્ટેશન પાર્ટ-સી ગુના રજી. નં.૧૧૧૯૬૦૦૨૨૬૦૪૧૬/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(ખ) મુજબનો ગુન્હો નોંધાયેલ છે. જે ગુન્હાના કામે ત.ક.અમલદારે ફરીયાદ હકીકતના આધારે હાલના અરજદાર/આરોપીની ધરપકડ કરેલ છે અને હાલ પોલીસ કસ્ટડીમાં છે. જેથી જામીન ઉપર મુકત થવા અરજદાર/આરોપીએ હાલની અરજ ગુજારેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ. એકટની કલમ–૪૮૦ મુજબ જામીન અરજી રજૂ કરી દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે, કહેવાતો કોઈ ગુન્હો કરેલો નથી. અરજદાર/આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુન્હો કરેલો નથી. માત્ર શંકાના આધારે ખોટી રીતે ધરપકડ કરવામા આવેલ છે. અરજદારને ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. હાલનો કેસ ઘણો લાંબો સમય ચાલે તેમ છે. જેથી જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો સદર કેસને કોઈ નુકસાન થાય તેવું કોઈ કૃત્ય કરશે નહી કે ફરીયાદી કે સાક્ષી પુરાવા સાથે ચેડા કરશે નહી કે કોઈ પણ રીતે ફરીયાદીને હેરાન પરેશાન કરશે નહી અને સદર ગુનાના કામે ટ્રાયલ દરમયાન નિયમિત નામદાર કોર્ટ રૂબરૂ હાજર રહેશે તેમજ નામદાર અદાલત ફરમાવે તે શરતોને આધીન જામીનમુકત કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની મૌખીક દલીલમાં એવું જણાવેલ છે કે, ફરીયાદીપક્ષને આરોપી સામે ખોટી ફરીયાદ કરવા માટેનું કોઈ કારણ નથી, આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે. સદર કામના આરોપી ફરીયાદપક્ષના સાહેદો તથા પુરાવાને ચેડા ન કરે તથા ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ધ્યાને લેતાં હાલના આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) સમગ્ર હકીકત, રજુઆત, એફ.આઈ.આર., કેસ પેપર્સ તથા કરવામાં આવેલ રજુઆતો ધ્યાને રાખતાં, જામીન પાછળનો મુખ્ય આશય ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીને સીક્યોર કરવાનો છે. હાલના કેસમાં હાલના અરજદાર/આરોપી સામે, પ્રોહીબીશન એકટની કલમ– નં.૧૧૧૯૬૦૦૨૨૬૦૪૧૬/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(ખ) મુજબનો ગુનાહીત આક્ષેપ છે. હાલના કામના અરજદાર/આરોપીની રજુઆત ધ્યાને લેતાં, સદર કેસના કામે તમામ મુદ્દામાલ રીકવર થઈ ગયેલ છે, હવે કોઈ મુદ્દામાલ અરજદાર/આરોપી પાસેથી કબજે કરવાનો બાકી રહેતો હોય તેવું પોલીસની રજુઆત નથી. વધુમાં આરોપી હવે પછી ચાર્જશીટ થાય બાદ દર મુદ્દત ટ્રાયલ દરમિયાન હાજર રહેશે તેવી બાહેંધરી આપે છે. વધુમા

અરજદાર/આરોપીએ પોલીસ કસ્ટડી દરમિયાન તપાસમાં પણ સહકાર આપેલ છે તેમજ આરોપીને લાંબા સમય સુધી કસ્ટડીમાં રાખવા માટેનું કોઈ વ્યાજબી કારણ જણાઈ આવતું નથી. જેથી કાયદાકીય જોગવાઈઓ તેમજ ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા અરજદાર/આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકતોને લક્ષમાં લેતાં આરોપીને વધુ સમય માટે પોલીસ કસ્ટડીમાં રાખી જામીન મુકત કરવામાં નહી આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન ગણાય તેમ છે. જેથી અરજદાર/આરોપીને હાલાકી ભોગવવાનો વારો આવે તેવી શકયતા પણ ઈન્કારી શકાય નહી. ''**જામીન આપવા એ નિયમ છે અને જેલમાં રાખવા એ અપવાદ છે**'' તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને નેક લક્ષમાં લેતાં હાલના કેસમાં જામીન મુકિત અંગેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ અદાલતે કરવો જોઈએ તેવું અત્રેની અદાલતનું માનવું છે.

**– :: હુ ક મ :: –**

- બાપોદ પો.સ્ટેશન પાર્ટ–સી ગુના રજી. નં. ૧૧૧૯૬૦૦૨૨૬૦૪૧૬/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(ખ) **ક્રિષ્ણા સન/ઓફ પપ્પુભાઈ બાબતભાઈ, ઉ.વ.૨૭** રહે. પાર્વતીનગર, ભાથુજીનગરની પાસે, આજવા રોડ, વડોદરા. નાઓની હાલની જામીન અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.
- આ કામના અરજદાર/આરોપીએ **રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના જામીનખત તથા આરોપીએ તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>શ ર તો</u> :: –**

(૧) અરજદાર/આરોપીઓએ તપાસમાં સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીઓએ આવા કોઈ ગુન્હાનું પૂનરાવર્તન કરવું નહી.

(૩) અરજદાર/આરોપીઓએ ટ્રાયલ દરમયાન નિયમિત હાજર રહેવું.

(૪) અરજદાર/આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવા–સાહેદો સાથે ચેડા કરવા નહી.

(૫) અરજદાર/આરોપીઓએ દર મહીનાની ૦૧ થી ૦૫ તારીખમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૬) અરજદાર/આરોપીઓએ તેના સંપર્ક માટેના ફોન નંબર–મોબાઈલ નંબર સહિત સરનામું પુરસીસથી જાહેર કરવું.

(૭) અરજદાર/આરોપીઓએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

હુકમ આજ **તા. ૨૪** માહે **: ઓગસ્ટ** સને **: ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા.૨૪/૦૮/૨૦૨૬**
**વડોદરા.**

**( કવિતા ગેહલોત )**
૨જા' એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
વડોદરા.
કોડ નં.જીજે ૦૧૭૬૮

આર.વી.વાણીયા
(સ્ટેનોગ્રાફર)